Vishva Samachar Weekly

RNI : GujGuj/2001/05622

લવાજમ
વાર્ષિક : 250 રૂપિયા
છૂટક નકલ : 5-00 રૂપિયા
લવાજમ અને જાહેરાતનો ચેક/ ડ્રાફ્ટ
'વિશ્વ સમાચાર'ના
નામથી મોકલી આપવા વિનંતી
શેઠ વાડીલાલ સારાભાઇ
હોસ્પિટલ સામે,

Associated
PRESS OWNERS WELFARE ASSOCIATION

વિશ્વ સમાચાર
સાપ્તાહિક




PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA

E-mail : vishvasamacharindia@gmail.com

● Office : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Allisebridge, Ahmedabad - 380006 : Mo. 92745 45455

• Year : 24 • Issue : 21 • Dt. 17-02-2025 • Monday • Rs.5-00 • • Page-4

# મહાકુંભ જતી ટ્રેનમાં ચઢવાની ભાગદોડમાં ૧૮ લોકોનાં મોત



નવી દિલ્હી

શનિવારે રાત્રે નવી દિલ્હી રેલ્વે સ્ટેશન પર મહાકુંભ મેળા દરમિયાન સંગમ સ્નાન કરવા માટે ભક્તોની મોટી ભીડ પ્રયાગરાજ તરફ જઈ રહી હતી ત્યારે થયેલી ભાગદોડમાં ૧૮ લોકો માર્યા ગયા અને ૨૫થી વધુ લોકો ઘાયલ થયા હતા. દેશની રાજધાનીમાં નવી દિલ્હી રેલ્વે સ્ટેશન પર થયેલી ભાગદોડમાં ૧૮ લોકોના મોત થયા છે. ઘણા લોકો ઘાયલ થયા હોવાનું કહેવાય છે. મળતી માહિતી મુજબ, શનિવારે સાંજે અચાનક નવી દિલ્હી રેલ્વે સ્ટેશન પર પ્રયાગરાજ મહાકુંભમાં જવા માટે મોટી ભીડ એકઠી થઈ ગઈ હતી. નવી દિલ્હી રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૧૪-૧૫ પર નાસભાગ મચી ગઈ હતી. ભીડ વચ્ચે લગભગ ૧૮ લોકો મૃત્યુ પામ્યા. ભાગદોડની માહિતી મળતા જ પોલીસ અને ચાર ફાયર ટેન્ડરની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે પ્રયાગરાજ જવા માટે લોકોની ભીડ સ્ટેશન પર પહોંચી હતી . આ દરમિયાન અંધાધૂંધીનો માહોલ સર્જાયો હતો.

નવી દિલ્હી રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૧૪-૧૫ પર થયેલી નાસભાગમાં અનેક લોકોના મોત થયા છે. પ્રયાગરાજ મહાકુંભમાં જતા લોકો માટે રેલ્વે સ્ટેશનથી બે ખાસ ટ્રેનો ચલાવવામાં આવશે તેવું કહેવામાં આવ્યું હતું. જોકે, આ ટ્રેનો મોડી પડવાને કારણે સ્ટેશન પર ભીડ વધવા લાગી. આ સમય દરમિયાન ઘણા લોકો ભાગદોડમાં કચડાઈ ગયા અને મૃત્યુ પામ્યા હતા. ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. રેલવે અધિકારીઓના જણાવ્યા અનુસાર, ભીડને કાબુમાં લેવાના પ્રયાસો કરવામાં આવી રહ્યો છે. મળતી માહિતી મુજબ, પ્રયાગરાજ મહાકુંભના અંતિમ દિવસોમાં ભક્તોની ભારે ભીડ ઉમટી રહી છે. દરમિયાન, નવી દિલ્હી રેલ્વે સ્ટેશન પર મોટી સંખ્યામાં મુસાફરોના આગમનને કારણે પરિસ્થિતિ ગંભીર બની હતી. આ દરમિયાન લગભગ ૧૫ મુસાફરોની હાલત બગડી ગઈ અને તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. એવા આરોપો છે કે ટ્રેનો મોડી પડવાને કારણે સ્ટેશન પર અંધાધૂંધી ફેલાઈ હતી.

રેલવે બોર્ડના ચેરમેન સતીશ કુમાર ઘટનાનું નિરીક્ષણ કરવા માટે રેલવે સ્ટેશન પહોંચ્યા અને આ મામલાની ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને ઉપરાજ્યપાલ વીકે સક્સેનાએ આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે અને મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે અને ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી છે.

વારાણસી જતી શિવગંગા એક્સપ્રેસ પ્લેટફોર્મ પર ઉભી રહી જતાં, તેના મુસાફરો પણ પ્લેટફોર્મ પર પહોંચવા લાગ્યા. આવી સ્થિતિમાં, ભીડ વધી ગઈ અને ભીડને કાબૂમાં લેવાની કોઈ વ્યવસ્થા ન હોવાથી, ધક્કામુક્કી શરૂ થઈ ગઈ અને અચાનક નાસભાગ મચી ગઈ હતી. આ કારણે કેટલાક લોકો પ્લેટફોર્મ પર પડી ગયા અને ભીડમાં કચડાઈ ગયા હતા.નાસભાગની માહિતી મળતાં જ પોલીસ અને એમ્બ્યુલન્સ સાથે ચાર ફાયર એન્જિન ઘટનાસ્થળે પહોંચી ગયા, પરંતુ ઘાયલોની સંખ્યા એટલી વધારે હતી કે એમ્બ્યુલન્સ મળી શકી નહીં. આવી સ્થિતિમાં, કેટલાક લોકો તો પોતાના સંબંધીઓને ઓટો દ્વારા હોસ્પિટલ લઈ ગયા હતા.

લોકનાયક હોસ્પિટલ પ્રશાસને મોડી રાત્રે ૧૦ મહિલાઓ સહિત ૧૫ લોકોના મોતની પુષ્ટિ કરી હતી, જ્યારે લેડી હાર્ડિંગ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં ત્રણ લોકોના મોત થયા હતા. આ હોસ્પિટલોમાં ઘણા ઘાયલોને દાખલ કરવામાં આવ્યા છે, જેમાંથી કેટલાકની હાલત ગંભીર છે. મૃતકો અને ઘાયલોના સંબંધીઓ હોસ્પિટલોમાં રડી રહ્યા છે. આ મામલે સરકારે નાસભાગમાં મૃત્યુ પામનારાઓ માટે વળતરની જાહેરાત કરી છે. અકસ્માતમાં પરિવારના સભ્યો ગુમાવનારાઓને ૧૦ લાખ રૂપિયા આપવામાં આવશે. ઘાયલોને ૨.૫ લાખ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવશે જ્યારે સામાન્ય ઈજાગ્રસ્તોને ૧ લાખ રૂપિયા આપવાની જાહેરાત થઈ છે.

## નવી દિલ્હી રેલવે સ્ટેશન દુર્ઘટમાં મોતને ભેટલા લોકોની યાદી....

૧. આહા દેવી પત્ની રવિન્દી નાથ, બક્સુર, બિહારના રહેવાસી, ઉંમર ૭૯ વર્ષ
૨. પિંકી દેવી, ઉપેન્દ્ર શર્માની પત્ની, સંગમ વિહાર, દિલ્હી, ઉંમર ૪૧ વર્ષ
૩. શીલા દેવી, ઉમેશ ગિરીના પત્ની, સરિતા વિહાર, દિલ્હી, ઉંમર ૫૦ વર્ષ
૪. વ્યોમ, ધરમવીરનો પુત્ર, રહેવાસી, બવાના, દિલ્હી, ઉંમર ૨૫ વર્ષ
૫. પૂનમ દેવી, મેઘનાથના પત્ની, સારણ બિહારના રહેવાસી, ઉંમર ૪૦ વર્ષ.
૬. લલિતા દેવી, સંતોષના પત્ની, રહેવાસી, બિહારના પરના, ઉંમર ૩૫ વર્ષ.
૭. મુઝફ્ફરપુર બિહારના રહેવાસી મનોજ શાહની પુત્રી સુરુચી ઉંમર ૧૧ વર્ષ
૮. કૃષ્ણા દેવી પત્ની વિજય શાહ નિવાસી સમસ્તીપુર બિહાર ઉંમર ૪૦ વર્ષ
૯. વિજય સાહ, રામ સરૂપ સાહના પુત્ર, સમસ્તીપુર, બિહારના રહેવાસી, ઉંમર ૧૫ વર્ષ.
૧૦. નીરજ, ઈન્દ્રજીત પાસવાનનો પુત્ર, વૈશાલી, બિહારનો રહેવાસી, ઉંમર ૧૨ વર્ષ.
૧૧. રાજ કુમાર માંઝીના પત્ની શાંતિ દેવી, નવાદા, બિહારના રહેવાસી, ઉંમર ૪૦ વર્ષ.
૧૨. નવાદા બિહાર નિવાસી રાજ કુમાર માંઝીની પુત્રી પૂજા કુમાર ઉંમર ૮ વર્ષ
૧૩. સંગીતા મલિક, મોહિત મલિકની પત્ની, ભિવાની, હરિયાણાના રહેવાસી, ઉંમર ૩૪ વર્ષ.
૧૪. મહાવીર એન્ક્લેવના રહેવાસી વીરેન્દ્ર સિંહની પત્ની પૂનમ, ઉંમર ૩૪ વર્ષ.
૧૫. મમતા ઝા, વિપિન ઝાના પત્ની, નાંગલોઈ, દિલ્હીના રહેવાસી, ઉંમર ૪૦ વર્ષ.
૧૬. સાગરપુર દિલ્હી નિવાસી ઓપીલ સિંહની પુત્રી રિયા સિંહ ઉંમર ૭ વર્ષ
૧૭. બેબી કુમારી, પ્રભુ સાહની પુત્રી, બિજવાસન, દિલ્હી, ઉંમર ૨૪ વર્ષ.
૧૮. મનોજ, પંચદેવ કુશવાહાના પુત્ર, નંગલોઈ, દિલ્હીના રહેવાસી, ઉંમર ૪૭ વર્ષ.

### દિલ્હીના નવા મુખ્યમંત્રીને લઈ મોટા સમાચાર

# વિધાયક દળની બેઠકમાં મુખ્યમંત્રીનું નામ નક્કી કરાશે

નવી દિલ્હી

૨૭ વર્ષ બાદ દિલ્હીમાં સત્તામાં વાપસી કરનાર ભાજપ હવે સીએમની પસંદગીને લઈને મોટી બેઠક યોજવા જઈ રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાજપે સોમવારે (૧૭ ફેબ્રુઆરી) વિધાયક દળની બેઠક બોલાવી છે જેમાં મુખ્યમંત્રીનું નામ નક્કી કરવામાં આવશે. તમામ ધારાસભ્યોને જાણ કરવામાં આવી છે. આ બેઠક દિલ્હી સ્ટેટ ઓફિસમાં યોજાશે. દિલ્હીમાં ૫ ફેબ્રુઆરીએ ચૂંટણી યોજાઈ હતી અને પરિણામ ૮ ફેબ્રુઆરીએ આવ્યા હતા. ભાજપે દિલ્હીમાં ૭૦માંથી ૪૮ વિધાનસભા બેઠકો જીતીને જોરદાર વાપસી કરી છે.

ભાજપે ચૂંટણી સમયે કોઈ સીએમ ચહેરો જાહેર કર્યો ન હતો. તે જ સમયે, એવું માનવામાં આવી રહ્યું હતું કે પીએમ મોદીના અમેરિકા પ્રવાસ પછી, ભાજપ તેના સીએમ ચહેરાની જાહેરાત કરશે. દિલ્હી વિધાનસભાનો કાર્યકાળ ૨૩ ફેબ્રુઆરીએ સમાપ્ત થઈ રહ્યો છે, તેથી તે પહેલા શપથ ગ્રહણની શક્યતા છે.

છેલ્લા આઠ દિવસમાં મનજિંદર સિંહ સિરસા અને રેખા ગુપ્તાથી લઈને પ્રવેશ વર્મા સુધીના નામોની ચર્ચા થઈ હતી. દિલ્હીમાં ભાજપને દરેક વર્ગના મત મળ્યા છે, પછી તે જાટ હોય, શીખ હોય કે પૂર્વાંચલીના મત હોય, દરેકે ભાજપમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આવી સ્થિતિમાં સીએમ અને કેબિનેટ સભ્યોના નામોની પસંદગીમાં આ તમામ બાબતોને ધ્યાનમાં રાખવામાં આવશે તેવી અપેક્ષા છે. સોમવારે ભાજપના નેતાઓની બેઠક યોજાશે ત્યારે શપથવિધિનું ચિત્ર પણ સ્પષ્ટ થશે.

દિલ્હીની જનતાએ ૧૦ વર્ષ પછી **AAP**ને સત્તા પરથી હટાવીને ભાજપ માટે રસ્તો તૈયાર કર્યો છે, તેથી તેની પાસેથી ઘણી અપેક્ષાઓ છે. ભાજપે પોતાના ઘોષણા પત્રમાં વચન આપ્યું છે કે જનતા ઈચ્છે છે કે સરકાર બન્યા બાદ તે યમુનાની સફાઈની જેમ પૂર્ણ કરવામાં આવે અને મહિલાઓને દર મહિને ૨૫૦૦ રૂપિયાની ગેરંટી આપવામાં આવે. પીએમ મોદીએ ખુદ ભાજપના વિજય ભાષણમાં યમુનાને સાફ કરવાનું વચન આપ્યું હતું.

નોંધનીય છે કે, વડા પ્રધાન દ્વારા તાજેતરની વિધાનસભા ચૂંટણી દરમિયાન આપેલા વચનને પૂર્ણ કરતાં, દિલ્હીમાં યમુના નદીને સ્વચ્છ કરવાની દિશામાં એક મોટું પગલું ભરવામાં આવ્યું છે.

આજથી જ નદીની સફાઈનું કાર્ય શરૂ કરી દેવામાં આવ્યું છે, જેમાં ટ્રેશ સ્કિમર, વોટર વીડ હાર્વેસ્ટર અને ડ્રેજ યુટિલિટી ક્રાફ્ટ જેવી અત્યાધુનિક મશીનરીનો ઉપયોગ કરીને નદીમાંથી કચરો અને ગંદકી દૂર કરવામાં આવશે.

## તંત્રીની કલમે................

# જૂઠ્ઠાણાંની રાજનીતિ કેજરીવાલને ભારે પડી



Editor- Nilay H. Mehta

૨૦૧૧ના એ દિવસો યાદ કરો જ્યારે અન્ના આંદોલન દરમ્યાન ભ્રષ્ટાચાર પર લગામ લગાવવા માટે જનલોકપાલ વિધેયક લાવવાની માંગ કરવામાં આવતી હત. આ આંદોલને આખા દેશમાં અલખ જગાવી અને તેનું પરિણામ એ થયું કે સંસદે રજાના દિવસે લોકપાલ વિધેયક પસાર કર્યું. આ આંદોલનની સફળતાથી ઉત્સાહિત કેજરીવાલે રાજનીતિમાં નહિ ઉતરવાના વાયદા અને અન્ના હજારેની અસહમતિ બાદ પણ ૨૦૧૨માં રાજકીય પક્ષની રચનાનો નિર્ણય કર્યો. ૨૦૧૩માં નવરચિત આમ આદમી પાર્ટીએ દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ૨૮ સીટો જીતીને ઇતિહાસ રચી દીધો. આ ચૂંટણીઓમાં આપે જે રીતે કોંગ્રેસની નાવ ડૂબાડી, તેણે જ એ ડરથી કેજરીવાલને ટેકો જાહેર કરીને મુખ્યમંત્રી બનાવી દીધા કે ભાજપ સત્તામાં ન આવી જાય. કેજરીવાલે જલ્દી જ કોંગ્રેસ પર એ તહોમત મૂકીને રાજીનામું આપી દીધું કે તે જનલોકપાલ બિલ દિલ્હી વિધાનસભામાં નથી લાવવા દેતી. તેઓ આ બિલને રજૂ કરતાં પહેલાં કેન્દ્ર સરકારની અનુમતિ લેવા તૈયાર ન હતા, જે નિયમ પ્રમાણે જરૂરી હતી. કેજરીવાલના રાજીનામાથી તેમના સમર્થકો નારાજ થયા, પરંતુ તેઓ એ સંદેશ આપતા રહ્યા કે ભ્રષ્ટાચાર સામેની લડાઈમાં કોઈ સમજૂતી નહીં કરવામાં આવે. બાદમાં કેજરીવાલ ૪૯ દિવસમાં સત્તા છોડવાના નિર્ણય પર વારંવાર માફી માગીને ૨૦૧૫ની વિધાનસભા ચૂંટણીમાં ઉતર્યા. આ વખતે તેમણે ૬૭ સીટો જીતીને બધાને ચોંકાવી દીધા. ફેબ્રુઆરી ૨૦૧૫માં તેમણે ફરીથી સરકાર બનાવી, પરંતુ જલ્દી એ દેખાવા લાગ્યું કે તેમનો ઇરાદો જે હોય તે, પરંતુ ભ્રષ્ટાચાર સામે લડવાનો તો નથી જ! તેનો સંકેત ત્યારે મળ્યો જ્યારે પ્રશાંત ભૂષણ, યોગેન્દ્ર યાદવ જેવા કેજરીવાલ સાથે અસહમત લોકોને પાર્ટીમાંથ હાંકી કાઢવા કે તેઓ જાતે જ બહાર જવાનો સિલસિલો જોવા મળ્યો અને જે જનલોકપાલ બિલ આપનો સૌથી મોટો મુદ્દો હતો, તે હાંસિયામાં ધકેલાઈ ગયો.

જ્યારે એ અવાજ ઉઠવાનો શરૂ થયો કે આખરે દિલ્હીમાં કોઈ લોકાયુક્ત કેમ નથી, તો ડિસેમ્બર ૨૦૧૫માં રેવા ક્ષેત્રપાલ લોકાયુક્ત બન્યાં. જાન્યુઆરી ૨૦૧૯માં જ્યારે રેવાએ કેજરીવાલ સહિત તેમના ધારાસભ્યોને પોતાની સંપત્તિની જાણકારી આપવાની નોટિસ જારી કરી તો વિધાનસભા અધ્યક્ષ રામનિવાસ ગોયલે કહ્યું કે કયા કાયદા અંતર્ગત આ જાણકાર માંગી રહી છે? એ પણ યાદ રહે કે આપની કાર્યકારિણી માર્ચ ૨૦૧૫માં પોતાના પહેલા આંતરિક લોકપાલને હટાવી દીધા. ત્યારબાદ જે આંતરિક લોકપાલ બન્યા, તેમણે થોડા મહિનામાં રાજીનામું આપી દીધું. પછી જે આ પદ પર આવ્યા, તે ત્રણ મહિના સુધી જ ટક્યા. ત્યારબાદ કોઈને આ પદ પર લાવવામાં ન આવ્યા. આ રીતે ના રહ્યો વાંસ, ના વાગી વાંસળી!

ડિસેમ્બર ૨૦૧૫માં કથિત જનલોકપાલ બિલ વિધાનસભામાં પાસ કરવામાં આવ્યું અને ઉપરાજ્યપાલ પાસે મોકલવામાં આવ્યું. તેને ત્યાંથી દિલ્હી સરકારના પાછું મોકલી દેવામાં આવ્યું. ત્યારબાદ તે ક્યાં ગયું, તેની ખબર આજ સુધી કોઈને નથી. જલ્દી દિલ્હી પણ ભૂલી ગઈ અને દેશ પણ એક સમયે કઈ રીતે તમામ નેતાઓને ચોર ગણાવીને આ જ જનલોકપાલ માટે આકાશ માથે ઉઠાવ્યું હતું.


**સમગ્ર ગુજરાત માં પત્રકારો અને જાહેરાત નું કામ કરી શકે તેવા ઉમેદવારો નીમવાના છે**

"વિશ્વ સમાચાર" અખબારમાં પત્રકાર તરીકે તથા જાહેરાત નું કામ કરી શકે તેવા યુવક - યુવતીઓ નીમવાના છે. જે ઉમેદવારને બાયોડેટા સાથે કાર્યાલય નો સંપર્ક કરવો.

"વિશ્વ સમાચાર"

મો. ૯૨૭૪૫ ૪૫૪૫૫

Email : vishvasamacharindia@gmail.com


## પ્રિસાઈડિંગ ઓફિસરને ફરજ પરથી હટાવાયો

# બુથમાં રાજકીય પક્ષનો પ્રચાર કરવાના આક્ષેપ સાથે મતદાન બંધ કરાવાયું

## સુરેન્દ્રનગરના થાન નગરપાલિકાની ચૂંટણી વોર્ડ એકના બે નંબરના બુથમાં મતદાન બંધ કરાવાયું હોવાની ઘટના

સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગરના થાન નગરપાલિકાની ચૂંટણી વોર્ડ એકના બે નંબરના બુથમાં મતદાન બંધ કરાવાયું હોવાની વિગતો છે. રાજકીય પક્ષોના પ્રચાર કરવાના આક્ષેપ સાથે મતદાન બંધ કરાવાયું છે. ચૂંટણી અધિકારી અને ડીવાયએસપી સહિતના અધિકારીઓ દોડી આવ્યા છે. પ્રિસાઈડિંગ અધિકારીને ફરજ પરથી ઉઠાવી દેવામાં આવ્યો હોવાની વિગતો મળી રહી છે.

થાનગઢની નગરપાલિકાની ચૂંટણી ચાલી રહી છે ત્યારે વોર્ડ નંબર એકના બુથ નંબર બેમાં જે પ્રિસાઈડિંગ ઓફિસર છે તે એક રાજકીય પક્ષનો પ્રચાર કરતા હોય તેવા આક્ષેપો થયા હતા. અન્ય પક્ષના અને જ્યારે આ ઉભારો થયો ત્યારે ડીવાયએસપી સહિત પાંચ અધિકારી મામલતદારની ટીમ ત્યાં પહોંચી હતી અને જ્યારે આ પ્રિસાઈડિંગ ઓફિસરને પૂછ્યું ત્યારે તેણે પણ કબૂલ્યું હતું કે આ મારી પાસે કાપલીઓ છે અને કાપલીઓ લઈને લોકો અંદર આવે છે

ત્યારે તાત્કાલિક અસરથી જે પ્રિસાઈડિંગ ઓફિસર છે તેને હટાવી દેવામાં આવ્યા હતા અને અન્ય એક પ્રિસાઈડિંગ ઓફિસરને ત્યાં બેસાડી દેવામાં આવ્યા હતા.

પ્રિસાઈડિંગ ઓફિસર ઉપર પગલાં લેવામાં આવ્યા હતા, બીજી બાજુથી પોલીસને પણ કડક સૂચના આપવામાં આવી હતી કે જો આ રાજકીય પક્ષોની કાપલીઓ આવતી હોય તો તમે કઈ રીતનો બંદોબસ્ત કરી રહ્યા છો અને ચૂંટણી સામાન્ય વાતાવરણમાં યોજાય તેવી પણ સૂચના આપી હતી. જો કે થોડા સમય પુરતુ મતદાન છે તે બંધ કરાવવામાં આવ્યું . પ્રાંત અધિકારી જણાવ્યુ કે ટૂંક જ સમયમાં આ મતદાન ફરી શરૂ કરાવામાં આવશે અને લોકો મતદાન કરી શકશે.

# જામનગરના એડવોકેટ કિરીટ જોશીના હત્યા કેસમાં પને હાઈકોર્ટે દંડ ફટકાર્યો

જામનગર : જામનગરના અતિચકચાર એડવોકેટ કિરીટ જોશી હત્યા પ્રકરણમાં સંડોવાયેલા બે આરોપીઓ કે જે ચાલુ કેસ દરમિયાન ૭ વર્ષ બાદ પોતે સંડોવાયેલા નથી, તેવી ખોટી અરજી કરી હતી. તેમજ આ પ્રકરણના ત્રણ સાક્ષીઓ કે જેઓ પણ અદાલત સમક્ષ ફરી ગયા હોવાથી અદાલતે પાંચેય સામે કડક વલણ દાખવ્યું છે, અને અદાલતનો સમય બરબાદ કરી નાખવા માટે પ્રત્યેકને એક-એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. સને-૨૦૧૮ ના વર્ષમા જામનગરમાં ટાઉન હોલ પાસે એડવોકેટ કિરીટભાઈ જોષીની અજાણ્યા ઈસમોએ છરીના આડેધડ ઘા મારી ગંભીર ઈજા કરી હત્યા નિપજાવી હતી.

જે કેસમા મૃતકના નાના ભાઈ એડવોકેટ અશોકભાઈ જોષીએ જયસુખ મુળજીભાઈ રાણપરીયા ઉર્ફે જયેશ પટેલ (રહે.જામનગર) તેમજ અજાણ્યા ઇસમો વિરુધ્ધ ફરીયાદ નોંધાવી હતી. રાજકોટ વિભાગના આઈ.જી. અશોકકુમાર યાદવ તથા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલૂના માર્ગદર્શન હેઠળ આ ગુનાના તપાસ જામનગર ગ્રામ્યના ડીવાયએસપી આર.બી.દેવધા ચલાવી રહયા છે.

તેમજ જામનગર એલ.સી.બી. પોલીસ ઈન્સ વી.એમ.લગારીયા તપાસનીસ અધિકારીની સાથે તપાસ ટીમમાં મદદમા રહયા છે. આ કેસમા આરોપીઓ સાયમન લુઈસ દેવીનાદન, અજયપાલસિંહ ઉર્ફે બોબી ઉમેદસિંહ પવારે તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટમાં કેસમાથી છુટવા માટે ક્રોસીંગ અરજી દાખલ કરી છે.

જેમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા અવલોકન કરાયું હતું કે, આ કેસમા આરોપ ઘડવામા આવેલો છે, તેમજ સેશન્સ કોર્ટમાં ચાર્જફ્રેમ કરવામાં આવ્યો છે,જેથી સદરહુ અરજી ધ્યાને લઈ શકાય નહી, કેસ ચાલવામા અવરોધ પેદા થાય, તે માટે ૭ વર્ષ પછી વ્યર્થ અરજી દાખલ કરેલ હોવાની ટીપ્પણી કરી, બન્ને આરોપીઓને -૧ લાખ રૂપિયાનો દંડનો ભરવા અંગે ગુજરાત હાઈકોર્ટ તરફથી હુકમ કરવામા આવ્યો છે. આ કેસમા તપાનીસ અધિકારીએ સાહેદોના નિવેદનો લઈ સાહેદ તરીકે દર્શાવેલાં હતા, જે ત્રણ સાહેદો કમલેશ ગોવિદભાઈ પટેલ, દિનેશભાઈ જેન્તીભાઈ સૌઢા, સતીષભાઈ નંદકિશોર શાહ વગેરેએ ગુજરાત હાઈકોર્ટમાં ૭ વર્ષના સમયગાળા બાદ અરજી કરી જણાવેલું કે, તેઓએ તપાનીસ અધિકારી સમક્ષ કોઈ નિવેદન લખાવેલું નથી, તેઓના નામ સાહેદમાથી નિવેદન દુર કરવાની અરજી દાખલ કરવામાં આવી હતી.

# અમે ક્યારેય આવા દશ્યો નથી જોયા, મેં ૧૫ મૃતદેહો બહાર કાઢ્યા હતા

નવી દિલ્હી

નવી દિલ્હી રેલવે સ્ટેશન પર શનિવારે રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ થયેલી નાસભાગમાં ૧૮ લોકોના મોત અને અનેક લોકો ઘાયલ થયા હતા. મૃતકોમાં નવ મહિલા, ચાર પુરૂષ અને પાંચ બાળકો સમાવિષ્ટ છે. જેમાં સૌથી વધુ નવ બિહારના, આઠ દિલ્હીના અને એક હરિયાણાના છે. આ ઘટના પ્લેટફોર્મ ૧૩ અને ૧૪ પર બની હતી. તે સમયે હજારો શ્રદ્ધાળુઓ પ્રયાગરાજ મહાકુંભમાં જવા માટે સ્ટેશન પર એકઠા થઈ રહ્યા હતા અને ટ્રેનમાં ચઢવા ધક્કા-મુક્કી કરી રહ્યા હતાં.

રેલવે સ્ટેશન પર ઘટના દરમિયાન હાજર કુલી સુગન લાલ મીણાએ જણાવ્યું હતું કે, મેં મારા સાથીઓ સાથે મળીને ૧૫ મૃતદેહોને બહાર કાઢ્યા અને એમ્બ્યુલન્સમાં મૂક્યાં હતાં. હું ૧૯૮૧થી અહીં કુલી તરીકે કામ કરું છું. આવી ભીડ ક્યારેય જોઈ નથી. પ્લેટફોર્મ બદલાઈ ગયું, જેના કારણે નાસભાગ મચી હતી. લોકો એકબીજા ઉપર ચઢી ગયા. મૃતદેહો જોયા બાદ અમે ભોજન પણ કરી શક્યા નહીં.

કુલી મીણાએ જણાવ્યું કે, પ્રયાગરાજ સ્પેશિયલ ટ્રેન પ્લેટફોર્મ નંબર ૧૨ પરથી રવાના થવાની હતી. પરંતુ અચાનક પ્લેટફોર્મ નંબર ૧૬ પર શિફ્ટ કરવામાં આવતાં પ્લેટફોર્મ નંબર ૧૨માં ટ્રેનની રાહ જોઈ રહેલી ભીડ પ્લેટફોર્મ નંબર ૧૬ તરફ ભાગી. જેમાં અફરાતફરી મચી અને લોકો ધક્કા-મુક્કી કરવા લાગ્યા. ઘણા લોકો એસ્કેલેટર તથા સીડીઓ પરથી પડી ગયાં.

### વેલેન્ટાઈન ડેના દિવસે રાજકોટમાં બની ઘટના

# ધો.૯ની વિદ્યાર્થિની પર ૧૧માં ધોરણના વિદ્યાર્થીએ કારમાં દુષ્કર્મ આચર્યું

## ગાંધીગ્રામ પોલીસે આ મામલે ત્રણ આરોપીઓ સામે ગુનો દાખલ કરી બે સગીર આરોપીની ધરપકડ કરી હતી




રાજકોટ : રાજકોટમાં વેલેન્ટાઈન ડે (૧૪મી ફેબ્રુઆરી)ના દિવસે ધોરણ ૧૧માં ભણતા છાત્રએ ધોરણ ૯માં ભણતી તરૂણીનું કારમાં અપહરણ કરી તેના ઉપર દુષ્કર્મ આચર્યાની ચોંકાવનારી ઘટના બહાર આવી છે. જે અંગે ગાંધીગ્રામ પોલીસે ત્રણ આરોપીઓ સામે ગુનો દાખલ કરી બે સગીર આરોપીની ધરપકડ કરી હતી.

વાલીઓ માટે લાલબત્તીરૂપ અને ચિંતા જગાવનાર આ ઘટનાની વિગત એવી છે કે ભોગ બનનાર તરૂણી કે જેની ઉંમર ૧૫ વર્ષ આસપાસ છે. તે ધોરણ ૯માં અભ્યાસ કરે છે. ૧૨મી ફેબ્રુઆરીનાં રોજ તે તેની પાંચ વર્ષની નાની બહેનને લઇને ઘર નજીક આવેલા બગીચામાં ગઈ હતી. ત્યારે ત્યાં આવેલા ધોરણ ૧૧ના આરોપી છાત્ર સાથે આંખ મળી હતી. જેથી આરોપી છાત્રએ તેની પાસેથી સ્નેપ આઈડી માંગી હતી. પરંતુ મોબાઈલ ફોનનો ઉપયોગ કરતી ન હોવાથી આપી ન હતી.

ત્યારબાદ ૧૩મી ફેબ્રુઆરી રોજ ફરીથી તરૂણી તેની નાની બહેનને લઈ તે જ બગીચામાં ગઈ હતી. તે વખતે ફરીથી ત્યાં આરોપી છાત્ર ત્યાં આવ્યો હતો. જ્યાં બંને વચ્ચે વાતચીત દરમિયાન તરૂણીએ તેને બીજા દિવસે એટલે કે ૧૪મી ફેબ્રુઆરીના રોજ એક પ્રસંગને કારણે બહેનપણીના ઘરે મહેંદી મૂકાવવા જશે તેમ કહ્યું હતું. વેલેન્ટાઈન ડે (૧૪મી ફેબ્રુઆરી)ના રોજ બપોરે તરૂણીને મહેંદી મૂકાવવા માટે તેના પિતા બાઈક પર બહેનપણીના ઘરે મૂકી ગયા હતા. તરૂણી મહેંદી મૂકાવી બહેનપણીના ઘરેથી બહાર નીકળી જોયું તો આરોપી છાત્ર ત્યાં વર્ના કાર લઈ ઊભો હતો.

તેણે તરૂણીને પોતાની કારમાં બેસી જવાનું કહ્યું હતું. પરંતુ તરૂણીએ માતા-પિતા રાહ જોઈ રહ્યા છે તેમ કહી કારમાં બેસવાનો ઈનકાર કર્યો હતો. તે સાથે જ આરોપી છાત્રની કારની પાછળની સીટમાં બેઠેલા તેના બે મિત્રોએ તરૂણીને એવી ધમકી આપી હતી કે તેના અફેયર વિશે તેને બદનામ કરી નાખશે. જેને કારણે તરૂણી કારમાં બેસી ગઈ હતી. આરોપી છાત્ર તેને આલાપ ગ્રીન સિટી પાછળ આવેલા નાયરાના પેટ્રોલ પંપ નજીક લઈ ગયો હતો. જ્યાં તેણે કારમાં બેઠેલા બે મિત્રોને નાસ્તો લઈ આવવાના બહાને બહાર મોકલી દીધા બાદ તરૂણી ઉપર કારની પાછળની સીટમાં દુષ્કર્મ ગુજાર્યું હતું.

તરૂણી સમયસર ઘરે નહીં પહોંચતા તેના વાલીઓએ શોધખોળ શરૂ કરી દીધી હતી. આખરે તરૂણી મળી આવી હતી ત્યારે સત્ય હકીકતો જણાવતાં તેના વાલીઓએ ફરિયાદ નોંધાવવાનો નિર્ણય લીધો હતો.

ગાંધીગ્રામ પોલીસ મથકમાં તરૂણીની માતાએ પોક્સો સહિતની કલમો હેઠળ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી છાત્ર અને તેના મિત્રની અટકાયત કરી ત્રીજા મિત્રની શોધખોળ શરૂ કરી છે. પોલીસે જણાવ્યું હતું કે પકડાયેલા બંને આરોપીઓ સગીર છે.

# છોટા ઉદેપુરમાં બસપા-ભાજપા કાર્યકર્તાઓની વચ્ચે બબાલ

છોટાઉદેપુર

ગુજરાતભર આજે ૬૮ ન.પાલિકાઓની ચૂંટણી માટે મતદાન યોજાઇ રહ્યું છે. સમગ્ર ગુજરાતમાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન યોજાઇ રહ્યું છે. ત્યારે છોટા ઉદેપુરમાંથી બબાલના દ્રશ્યો સામે આવ્યા છે. અહીં મતદાન દરમિયાન બૂથની બહાર ભાજપ અને બસપાના કાર્યકરો વચ્ચે ગાળાગાળી સાથે બબાલ થઇ હતી. ગુજરાતમાં તમામ મતદાન કેન્દ્રો પર ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા વચ્ચે મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરી રહ્યા છે. મતદાન મથક પર ફરી એકવાર વિવાદિત માહોલ ઉભો થયો છે. મળતી માહિતી પ્રમાણે, છોટાઉદેપુરમાં ચૂંટણીમાં મતદાન દરમિયાન બબાલના દ્રશ્યો સામે આવ્યા છે. છોટા ઉદેપુરમાં બસપા અને ભાજપના સમર્થકો એકબીજા સાથે ઝઘડતા જોવા મળ્યા, પાલિકાની ચૂંટણીમાં મતદાન દરમિયાન મતદાન મથક પર બસપાના મહિલા સમર્થક અસભ્ય વર્તન અને અસભ્ય ભાષાનો પ્રયોગ કરીને બબાલ કરી રહ્યાં હતા, આ દરમિયાન ભાજપ સમર્થક કાર્યકર્તા ગિન્નાયા અને વાણીવિલાસ રોકવા અને સંભાળીને બોલવા ટકોર કરી હતી, આ પછી બન્ને પક્ષના કાર્યકર્તાઓ વચ્ચે બબાલ થઈ હતી. છોટાઉદેપુર નગર પાલિકાના મતદાનની શરૂઆત થઈ છે. નગર પાલિકાના ૭ બુથના ૨૮ બેઠક માટે ૯૯ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

# શક્તિ ઉર્ફે પેંડા ગેંગના સાગરિત પર થયું ફાયરિંગ

રાજકોટ

રાજકોટ શહેરમાં શનિવારના રોજ અંદાજિત ૫:૩૦ વાગ્યાના અરસામાં હિસ્ટ્રીશીટર તેમજ શક્તિ ઉર્ફે પેંડા ગેંગના સાગરિત પરેશ બળદા (ગઢવી) નામના વ્યક્તિ ઉપર પુનિત નગર પાસે ફાયરિંગ કરવામાં આવ્યું હોવાની ઘટના સામે આવી છે. સમગ્ર ઘટનામાં પરેશ બળદાને ડાબા પગના ભાગે ગોળી વાગવાના કારણે ઈજા પહોંચી હોવાનું પણ સામે આવ્યું છે. તેમજ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હોવાનું પણ હાલ સામે આવ્યું છે. બનાવ સંદર્ભે પરેશની ફરિયાદના આધારે રાજકોટ શહેરના તાલુકા પોલીસ સ્ટેશન ખાતે બીએનએસની કલમ ૧૦૯ (૧) તેમજ આર્મ્સ એક્ટની મુજબ ચાર જેટલા વ્યક્તિઓ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત ત્રણ વ્યક્તિઓની ઓળખ પણ થવા પામી છે. પોલીસ દ્વારા હાલ સોહેલ ઉર્ફે ભાણોની અટકાયત કરી લેવામાં આવી છે. જ્યારે કે સમીર ઉર્ફે મૂર્ઘો ઉર્ફે ટકો અને તેના ભાઈ નવાઝ તેમજ એક અજાણ્યા વ્યક્તિની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

રાજકોટ તાલુકા પોલીસ દ્વારા બનાવ સંદર્ભે એફએસએલની પણ મદદ લેવામાં આવી હતી. એફએસએલની ટીમની હાજરીમાં જગ્યાનું પંચનામું કરવામાં આવ્યું છે. તેમજ બનાવ સ્થળેથી ખાલી કારતૂસ પણ કબજે કરવામાં આવ્યું છે. બનાવ બનવાનું કારણ ગત ૧૪ જાન્યુઆરીના રોજ પરીક્ષિત ઉર્ફે પરેશના મિત્રની પત્નીના ઘરે પરેશ તેમજ સોહેલ ઉર્ફે ભાણો વચ્ચે મારામારી થઈ હતી. જે સંદર્ભે સોહેલ દ્વારા પરેશ વિરુદ્ધ મારામારી તેમજ પરેશના મિત્રની પત્ની દ્વારા પરેશ વિરુદ્ધ છેડતી સહિતની કલમ અંતર્ગત માલવીયા નગર પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

તે બાબતનો ખાર રાખીને આજરોજ બનાવ બનવા પામેલ હોવાનું સામે આવ્યું છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં પરીક્ષિત ઉર્ફે પરેશ વિરુદ્ધ પણ ૧૦ જેટલા ગુના અગાઉ દાખલ થઈ ચૂક્યા છે. જેમાં હત્યાના પ્રયાસ, અપહરણ, મારામારી અને પ્રોહિબિશન સહિતના ગુના દાખલ થઈ ચૂક્યા છે. ગુનાના કામે પકડવાના બાકી રહેલા આરોપીઓને ઝડપી પાડવા માટે રાજકોટ શહેર તાલુકા પોલીસ, લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ, ડિપાર્ટમેન્ટ ઓફ ક્રાઈમ બ્રાન્ચ તેમજ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ સહિતની જુદી જુદી ટીમો દ્વારા હાલ તપાસ કરવામાં આવી રહી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર જે સમયે ફાયરિંગનો બનાવ બન્યો ત્યારે આજીડેમ પોલીસ મથકના બે કોન્સ્ટેબલ પણ બનાવ સ્થળ ખાતે હાજર હતા.

કોઈ કેસની તપાસ સંદર્ભે તેઓ બનાવ સ્થળ ખાતે હાજર હતા ત્યારે જ સફેદ કલરની વર્ના કારમાં આવેલા ચાર જેટલા વ્યક્તિઓ પૈકી એક વ્યક્તિ દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ફાયરિંગ કરી નાસી છૂટ્યા બાદ હાજર રહેલા કોન્સ્ટેબલ દ્વારા આરોપીઓનો પીછો પણ કરવામાં આવ્યો હતો. પરંતુ આરોપીઓ નાસી છૂટવામાં સફળ રહ્યા હોવાનું સામે આવ્યું છે. બનાવમાં પરીક્ષિત ઉર્ફે પરેશ ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે રાજકોટ શહેરની સિવિલ હોસ્પિટલ ખાતે આવેલ ઈમર્જન્સી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યો છે.

# ભાવનગરના સિહોરમાં GIDCમાં અચાનક બ્લાસ્ટ, ૩ શ્રમિક ગંભીર રીતે દાઝ્યા

ભાવનગર

ભાવનગર જિલ્લાના સિહોર GIDCમાં આવેલી રોલિંગ મિલમાં અચાનક બ્લાસ્ટ થયો હતો. જેમાં ૩ જેટલા શ્રમિકો ઈજાગ્રસ્ત થયા હતા. આ ઘટનાની માહિતી મળતા જ સ્થાનિક પોલીસ, ફાયર વિભાગ અને એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પ્રાથમિક સારવાર બાદ તમામ ઈજાગ્રસ્ત શ્રમિકોને વધુ સારવાર માટે ભાવનગરની સર ટી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મળતી માહિતી અનુસાર, ફેક્ટરીમાં થયેલા બ્લાસ્ટને કારણે મોટા પ્રમાણમાં આર્થિક નુકસાન થયું છે. પોલીસે ઘટનાસ્થળની આસપાસનો વિસ્તાર સીલ કરી દીધો છે અને સમગ્ર ઘટના અંગે વિગતવાર તપાસ શરૂ કરી છે. બ્લાસ્ટના કારણે આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો.

### રતનપર ગામે મંદિરના બગીચામાં પગલું ભર્યું

# આર્થિક ભીંસથી કંટાળી શિક્ષકની ઝેરી દવા પી લઈ આત્મહત્યા

## તેઓ સામાકાંઠે આવેલી સ્કૂલમાં ફરજ બજાવવાની સાથોસાથ ભાગીદારીમાં બાંધકામનું કામ પણ કરતા હતા

રાજકોટ : સાધુ વાસવાણી રોડ પરના પાટીદાર ચોકમાં સિલ્વર આઈકોનમાં રહેતા શિક્ષક રજનીકાંત લાલજીભાઈ કાલરિયા (ઉ.વ.૫૭)એ ઝેરી દવા પી આત્મહત્યા કરી લીધી હતી. આર્થિક સંકડામણને કારણે આ પગલું ભરી લીધાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. પ્રાપ્ત માહિતી મુજબ રજનીકાંતભાઈ સામાકાંઠે આવેલી માસુમ વિદ્યાલયમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. સાથોસાથ ભાગીદારીમાં બાંધકામનું કામ પણ કરતા હતા. આજે બપોરે તેણે રતનપર ગામે આવેલા મંદિરના બગીચામાં ઝેરી દવા પી લેતાં બેભાન હાલતમાં સિવિલમાં ખસેડાયા હતાં. જ્યાં તબીબોએ મૃત જાહેર કર્યા હતાં. કુવાડવા રોડ પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી તપાસ કરી હતી. જેમાં જાણવા મળ્યું હતું કે આર્થિક ભીંસથી કંટાળીને આ પગલું ભરી લીધું છે. રજનીકાંતભાઈને સંતાનમાં એક પુત્ર અને પુત્રી છે. આ પગલું ભરી લેતા પરિવારમાં કલ્પાતં સર્જાયો હતો.

## ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી

# ઠેર ઠેર ઈવીએમ ખોટકાયા, ક્યાંક ચૂંટણી અધિકારી દારૂ પીને આવ્યા

### અમરેલીના જાફરાબાદ શહેરમાં ધારાસભ્ય હીરા સોલંકી વોર્ડ નંબર ૬માં આવેલી તાલુકા શાળામાં મતદાન કરવા પહોંચ્યા




ગાંધીનગર

ગુજરાતમાં આજે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે મતદાન શરૂ થઇ ચૂક્યું છે. ત્યારે ૬૬ નગરપાલિકા, ૩ તાલુકા પંચાયત અને ૧ મહાનગરપાલિકા માટે કુલ ૫૦૮૪ ઉમેદવારોનું ભાગ્ય ઈવીએમમાં કેદ થવાનું છે. લગભગ ૩૮ લાખ જેટલા મતદારો આ ઉમેદવારોના ભાવિનો નિર્ણય કરશે. અત્યાર સુધી સ્થાનિક સ્વરાજ્યની કુલ ૨૧૩ બેઠકો બિનહરિફ જાહેર થઈ ચૂકી છે. જ્યારે જૂનાગઢ મહાનગરપાલિકાની ૧૫ વોર્ડની ૬૦ બેઠકોમાંથી ૮ બેઠકો બિનહરિફ જાહેર છે. જોકે રાજ્યમાં મતદાન વચ્ચે અનેક જગ્યાએથી ઈવીએમ ખોટકાયાની ફરિયાદો મળી રહી છે. ધંધૂકા અને જામનગરમાં તો બે વરરાજા મતદાન કરવા પહોંચ્યા હતા. તેમની સાથે તેમના પરિજનો પણ મતદાન કરવા પહોંચ્યા હતા.

રાજ્યમાં ચાલી રહેલ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચુંટણીમાં ખેડા જિલ્લાના મહેમદાવાદમાં એક પ્રિસાઈડિંગ ઓફિસર ઈલેક્શન ડ્યુટીમાં જ દારૂ પીધેલ હાલતમાં પકડાયા છે. ખેડા જિલ્લાના મહેમદાવાદમાં નગરપાલિકાની ચૂંટણી દરમિયાન પીધેલા ચૂંટણી અધિકારી વીરેન્દ્ર સુખાભાઈ બારિયા સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે. તેઓ મહેમદાવાદ પ્રાથમિક કન્યા શાળામાં ફરજ પર હતા.

પીધેલી હાલતમાં ફરજ બજાવતાં અધિકારીને તાત્કાલિક હટાવવામાં આવ્યા હતા. તેનાથી ચૂંટણી પ્રક્રિયામાં વિઘ્ન આવ્યો હતો. વળી, બારિયા રાસ્કા સરકારી પોલિટેક્નિક, ખેડા ખાતે લેક્ચરર તરીકે પણ ફરજ બજાવે છે. મહેમદાવાદ પોલીસ મથકે આ મામલે ફરિયાદ નોંધાઈ છે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે. અમરેલીના જાફરાબાદ શહેરમાં ધારાસભ્ય હીરા સોલંકી વોર્ડ નંબર ૬માં આવેલી તાલુકા શાળામાં મતદાન કરવા પહોંચ્યાહતા. તેમની સાથે તેમના પત્ની પણ હાજર હતા. તેમણે મતદારોને ઉત્સાહપૂર્વક મતાધિકારનો ઉપયોગ કરવા અપીલ કરી હતી.

જ્યારે વલસાડથી એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે જેમાં વોર્ડ નંબર ૨માં ભાજપને વોટ આપતા દૃશ્યો કેમેરામાં કેદ થયા છે. વીડિયોમાં જોઈ શકાય છે કે ભાજપની પેનલને વોટ આપતો વીડિયો વાઈરલ છે. જોકે હજુ સુધી આ વીડિયોની પુષ્ટી થઇ શકી નથી. રાજ્યમાં સ્થાનિક એકમોની ચૂંટણીમાં મતદારોનો ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો છે ત્યારે જેતપુરમાં ઈવીએમ ખોટકાયાની માહિતી સામે આવી છે. અહીં વોર્ડ નંબર ૫ અને ૮માં ઈવીએમ ખોટકાઈ જતાં મતદારોની લાંબી લાઈન સર્જાઈ હતી અને મતદાન અટવાઈ ગયું હતું.

બીજી બાજુ લુણાવાડામાં ભાજપ અને કોંગ્રેસના એજન્ટો વચ્ચે મતદાન મથકે બોલાચાલીના દૃશ્યો જોવા મળ્યો હતા. અહી વોર્ડ નંબર ૪ પર બે એજન્ટો બાખડ્યા હતા. ગાંધીનગરમાં પણ સ્થાનિક એકમોની ચૂંટણી માટે તાલુકા પંચાયતની ૨૮ બેઠકો પર મતદાન ચાલી રહ્યું છે. જ્યાં ૨૨૪ બુથની વ્યવસ્થા કરવામાં આવી છે. અહીં ૨૮૦ ઈવીએમ ફાળવાયા હતા. મતદાનનો એવો ઉત્સાહ હતો કે ધંધૂકામાં એક વરરાજા લગ્ન પહેલા મતદાન કરવા પહોંચી ગયા હતા. જ્યારે બોટાદમાં પણ એક વરરાજા મતદાન કરવા પહોંચ્યા હતા. તેઓ વાજતે-ગાજતે મતદાન કરવા આવ્યા હતા. જ્યારે જામનગરમાં પણ એક વરરાજા મતદાન કરવા પહોંચ્યા હતા.

ખેડામાં સ્થાનિક એકમની ચૂંટણી વચ્ચે એક ચોંકાવનારી ઘટના જોવા મળી. વોર્ડ નંબર ૫ પર પ્રિસાઈડિંગ ઓફિસર દારૂ પીને ડ્યુટી કરવા પહોંચ્યા હતા. માહિતી અનુસાર દ્વારકાના સલાયામાં વોર્ડ નંબર ૨માં કલાકો સુધી ઈવીએમ ખોટકાતાં મતદારો રઝળી પડ્યા હતા.

અમદાવાદમાં ઘાટલોડિયામાં પેટાચૂંટણીનો માહોલ જામ્યો હતો. અહીં એએમસી ડેપ્યુટી મેયર જતિન પટેલે મતદાન કર્યું હતું. તેમણે આ દરમિયાન કહ્યું કે ઉત્સાહથી મતદાન કરવું એ ઘાટલોડિયાની તાસીર છે.

## ખેડા-નવસારીના બિલિમોરા પાલિકામાં મતદાન દરમિયાન EVM ખોટવાયું

ખેડા

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું મતદાન થઈ રહ્યું છે. ત્યારે ખેડા નગરપાલિકાની ચૂંટણીમાં EVM ખોટવાયું છે. EVMમાં બટન ન દબાતું હોવાની ફરિયાદ ઊઠી હતી. EVMમાં કેટલાક બટનો ન દબાતા હોવાનો મતદારોએ આક્ષેપ કર્યો છે. સવારથી રજૂઆત છતા કોઈએ વાત ન સાંભળ્યાની ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદ ન સંભળાતા ઉમેદવારો અને મતદારોએ હોબાળો કર્યો છે. ચૂંટણી અધિકારીને રજૂઆત કર્યા બાદ EVM બદલાયું હોવાનું સામે આવ્યું છે. સવારથી થયેલા મતદાન સામે ઉમેદવારોએ સવાલ ઉઠાવ્યા છે.

બીજી તરફ નવસારીના બિલિમોરા પાલિકાના વોર્ડ-૨નું પણ ઈફરખોટકાયું હોવાનું સામે આવ્યું છે. બિલિમોરામાં ઈફર ખોટકાતા કોંગ્રેસના ઉમેદવારે હોબાળો મચાવ્યો હતો. છેલ્લા એક કલાકથી જો કે મતદાન મથક બંધ કરવામાં આવ્યું છે. મતદાન મથકનું નામ લાલચંદ મોતીચંદ કુમારશાળા છે. જ્યાં ઈફર ખોટકાતા મતદારોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે.

## આપના ઉમેદવારના પિતાને આવ્યો હાર્ટ એટેક

# મતદાન કરે તે પહેલા જ આપના ઉમેદવારના પિતાનું મોત થયું

### ધોરાજી નગરપાલિકાના આપના ઉમેદવાર અજયભાઈ કંડોલિયાના પિતા હરસુખભાઈનું મતદાન મથકે મોત થયું

ધોરાજી

ગુજરાતમાં આજે, ૧૬ ફેબ્રુઆરીએ ૬૬ નગરપાલિકા તથા મધ્યની બે બેઠકો સાથે ૬૮, ૩ તાલુકા પંચાયત અને ૧ મહાનગર પાલિકાની સ્થાનિક સ્વરાજની ચૂંટણી થવાની છે. આ તમામ જગ્યાએ સવારના ૭ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધીમાં મતદાન થઈ રહ્યું છે.

ત્યારે રાજકોટના ધાનેરામાંથી દુઃખદ સમાચાર મળી રહ્યા છે. રાજકોટ જિલ્લાની ધોરાજી નગરપાલિકાના આપના ઉમેદવારના પિતાનું મતદાન કરે તે પહેલાં જ મતદાન મથકે નિધન થયું છે.ધોરાજી નગરપાલિકાના આપના ઉમેદવારના પિતાનું મતદાન કરે તે પહેલાં જ મતદાન મથકે જ હાર્ટ એટેક આવતાં મોત થયું છે. વોર્ડ નંબર ૮ના આપ ઉમેદવાર અજયભાઈ કંડોલિયાના ૫૭ વર્ષીય પિતા હરસુખભાઈ કંડોલિયા ટેકનિકલ હાઈસ્કૂલના મતદાન મથકે મતદાન કરવા ગયા હતા. પરંતુ મતદાન કરે તે પહેલાં જ તેમનું મોત નિપજ્યું હતું.

અજયભાઈ કંડોલિયાના ૫૭ વર્ષીય પિતા હરસુખભાઈને તરત જ તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. મતદાન સમયે જ ઉમેદવારના પિતાનું મોત થતાં કંડોલિયા પરિવારમાં શોકનો માહોલ છવાયો છે.

નોંધનીય છે કે, ધોરાજી નગરપાલિકાની ૯ વોર્ડની ૩૬ બેઠકો માટે શાંતિપૂર્વક મતદાન ચાલી રહ્યું છે. ધોરાજીમાં ગત ૫ વર્ષથી કોંગ્રેસનું શાસન હતું. ત્યારે ધોરાજીમાં રોડ-રસ્તા તેમજ પાણીના કોઈ કામો ન થયા હોવાનો ભાજપના ધારાસભ્ય મહેન્દ્ર પાડેલીયાએ આક્ષેપ કર્યો હતો. જ્યારે છેલ્લા ૨ વર્ષથી પાલિકામાં વહીવટદાર શાસન છે. જેમાં ઘણા કામો થયા છે. કોંગ્રેસે ઉપલેટામાં ખનીજ માફિયા બેફામ બન્યા હોવાના આક્ષેપ કર્યા હતા. જેને ભાજપના ધારાસભ્યએ પાયાવિહોણા ગણાવ્યા.




PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA PRINTED AT DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. gujarat AND PUBLISHED FROM : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Ellisbridge, AHMEDABAD-380006(GUJ).